# 9

# સમ્રાટ અશોક



9.1 અશોકનો શિલાલેખ

જૂનાગઢના પ્રવાસે જનાર લોકો ઐતિહાસિક સ્થળોની મુલાકાત જરૂર લે છે. ગિરનાર પર્વત, ઉપરકોટ કિલ્લો, મ્યુઝિયમ, દામોદરકુંડ, ભવનાથ મહાદેવ વગેરે. દરેક સ્થળ સાથે કોઈ વાત કે માન્યતાઓ જોડાયેલી હોય છે. તેમાં તળેટી સ્થિત અશોકના શિલાલેખની મુલાકાત લેનાર વત્સલને પ્રશ્ન થયો કે આ શિલાલેખ એટલે શું ? એ કોણે લખાવ્યા હશે ? કયાં કારણોસર એ લખવામાં આવ્યાં ? તે જાણવામાં તેને રસ પડ્યો.

આપણા ગુજરાતના જૂનાગઢમાં ગિરનાર પર્વત તરફ જતાં રસ્તામાં તળેટી વિસ્તારમાં 'અશોકનો શિલાલેખ' આવેલ છે. ભારતનાં અન્ય સ્થળોએ પણ આવા ઘણા શિલાલેખો મળી આવ્યા છે.

ઈતિહાસના મહાન રાજાઓમાંનો એક રાજા એટલે અશોક. તેનું સામ્રાજ્ય એક મહાસામ્રાજ્ય તરીકે પ્રખ્યાત થયેલું. તેણે પ્રજાજોગ સંદેશ માટે શિલાલેખો કોતરાવ્યા, ઉપરાંત સ્તંભલેખો અને ગુફાલેખો પણ બનાવ્યા હતા. તેમાંના



9.2 સિંહસ્તંભ (ભારતની રાજમુદ્રા)

સારનાથના સિહસ્તંભથી આપણે સૌ પરિચિત છીએ. (જુઓ ચિત્ર), જે આજે આપણી રાજમુદ્રા છે. દરેક ચલણી નોટ, સિક્કા, સરકારી કાગળો કે પર તે છપાયેલી હોય છે.

સમ્રાટ અશોક જે મગધના સામ્રાજ્ય પર શાસન કરતો હતો; તેની સ્થાપના તેના દાદા ચંદ્રગુપ્ત મૌર્યએ આજથી લગભગ 2300 વર્ષ પહેલાં કરી હતી. ચાણક્ય (કૌટિલ્ય) નામના એક બુદ્ધિમાન વ્યક્તિએ તેમને મૌર્ય સામ્રાજ્યની સ્થાપના માટે મદદ કરી. સામ્રાજ્યના સંચાલન માટે તેમની પાસે અનોખી સૂઝ હતી. 'અર્થશાસ્ત્ર'માં ચાણક્ય નિપુણ હતા.

ચંદ્રગુપ્તનો પુત્ર બિન્દુસાર અને બિન્દુસારનો પુત્ર અશોક. તેનું વિશાળ સામ્રાજ્ય વાયવ્ય સરહદે આવેલા કંદહાર અને પેશાવરથી ઉત્તર ભારતમાં નેપાળ સુધી, દક્ષિણે મૈસુર (હાલનું કર્ણાટક) સુધી, પશ્ચિમે ગુજરાત-સૌરાષ્ટ્ર સુધી, પૂર્વમાં મગધ (હાલનું બિહાર) કલિંગ (ઓડિશા) સુધી વિસ્તરેલું હતું.

## મહાસામ્રાજ્ય અને તેનું સંચાલન :

ચંદ્રગુપ્ત મૌર્યે શક્તિશાળી મગધના સામ્રાજ્યનું નિર્માણ કર્યું. તેનો વિસ્તાર સમ્રાટ અશોકે કર્યો. મૌર્ય સામ્રાજ્ય ખૂબ જ મોટું હતું (જુઓ નકશો), માટે તેના વિભાગો પાડીને અલગ-અલગ રીતે શાસન ચલાવવામાં આવતું. સામ્રાજ્યની રાજધાની પાટલિપુત્ર રાખવામાં આવી હતી. રાજધાનીથી દૂરના પ્રદેશોમાં અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી. જો અધિકારી આદેશનું ઉલ્લંઘન કરે, તો તેને સજા કરવામાં આવતી. બધા અધિકારીઓ પર સમ્રાટનું શાસન રહેતું. તેની સહાયતા માટે મંત્રીઓ હતા.

તક્ષશિલા અને ઉજ્જૈન જેવી પ્રાદેશિક રાજધાનીઓ પણ હતી. આ પ્રદેશોમાં કેટલાક રાજકુમારોને ત્યાં રાજ્યપાલ બનાવીને મોકલવામાં આવતા હતા. તેમ છતાં ત્યાંની પરિસ્થિતિઓને અનુકૂળ રહીને શાસન કરવામાં આવતું.

કેટલાક જંગલવાળા વિસ્તારો હતા. ત્યાં રહેનારા લોકો મોટે ભાગે સ્વતંત્ર હતા. તેમની પાસે શાસન અને શાસકો કેટલીક વસ્તુઓની પૂર્તિ માટે અપેક્ષા રાખતા. જેમકે, હાથી, લાકડું, મધ, મીણ તથા ઔષધિઓ વગેરે.

સામ્રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં અલગ લોકો, અલગ ભાષા, અલગ ભોજન, અલગ સંસ્કૃતિ ધરાવતા હતા.




**9.3 મૌર્યસામ્રાજ્યનો વિસ્તાર**

## કલિંગનું યુદ્ધ અને સમ્રાટનું હૃદયપરિવર્તન

મગધની પડોશમાં જ કલિંગ (ઓડિશા)નું રાજ્ય હતું જે પહેલાં મગધ સામ્રાજ્યનો જ એક ભાગ હતું, પરંતુ મૌર્યશાસનના આરંભ સમયે તે સ્વતંત્ર થઈ ગયેલું. સમ્રાટ અશોક કલિંગ જીતીને પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા ઇચ્છતો હતો. આથી તેણે કલિંગ પર ચડાઈ કરવા તૈયારીઓ કરી અને યુદ્ધ જાહેર કર્યું. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. યુદ્ધ પૂરું થયા પછી વિજયી સમ્રાટ અશોક યુદ્ધની ભૂમિ ઉપર ફરતો હતો. ચારેબાજુ સૈનિકોનાં શબ પડ્યાં હતાં. હાથી અને ઘોડા પણ મરેલા હતા. ચારે બાજુ લોહી જ લોહી ! ઘાયલ સૈનિકો ચીસો પાડતા હતા. સ્ત્રીઓ અને બાળકો રડતાં હતાં. જ્યાં નજર કરો ત્યાં દુઃખ અને શોકનું વાતાવરણ હતું.

સમ્રાટ અશોકે પોતાના જ એક અભિલેખમાં લખાવ્યું છે : ''લગભગ દોઢ લાખ લોકોને બંદી બનાવવામાં આવ્યા. એક લાખથી પણ વધારે લોકો માર્યા ગયા. આનાથી મને અપાર દુઃખ થયું છે. જે લોકો પોતાનાં સગાં-સંબંધીઓને તથા મિત્રોને ખૂબ ચાહે છે; તેઓ પણ યુદ્ધમાં માર્યા જાય છે અથવા તો પોતાનાં પ્રિયજનોને ગુમાવી દે છે. એટલા માટે મને પસ્તાવો થઈ રહ્યો છે. હવે મેં ધર્મ (ધમ્મ)નું પાલન કરવાનો અને બીજાને તેનો ઉપદેશ આપવાનો નિર્ણય કર્યો છે.''

સમ્રાટ અશોકની જીતનો આનંદ ઊડી ગયો. તેના મનની શાંતિ ચાલી ગઈ. અનેક રાતો તે ઊંઘી ન શક્યો. તેને ખૂબ પસ્તાવો થયો. તેને થયું કે યુદ્ધમાં મેળવેલો વિજય એ સાચો વિજય નથી. આટલા બધા માણસોને મારીને મેં શું મેળવ્યું ? લાખો સ્ત્રીઓ અને બાળકોના નિસાસા જ ને ? તે પોતાની સામે જ હારી ગયો.

કલિંગનું યુદ્ધ તેના જીવનનું અંતિમ યુદ્ધ બની રહ્યું. બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી તેણે શસ્ત્રસંન્યાસ લીધો. તેણે કદી પણ યુદ્ધ ન કરવાનો નિર્ણય કર્યો. બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો અને ધર્મ-ઉપદેશક બની ગયો.

**વિચારો**

સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન શા કારણોસર થયું ?

બૌદ્ધધર્મના પ્રચાર માટે અશોક પોતે દેશભરમાં ફર્યા. પોતાના અધિકારીઓને પણ ધર્મોપદેશની આજ્ઞા કરી. પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને ધર્મના પ્રચાર માટે સિલોન (શ્રીલંકા) મોકલ્યા હતા. દેશવિદેશમાં સ્તૂપો, વિહારો અને મઠો બંધાવ્યા હતા. બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપ્યો. તેણે રાજ્યભરમાં શિકાર કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો, પશુહિંસા બંધ કરાવી. ભગવાન બુદ્ધના પ્રેમ, દયા, કરુણા, અહિંસા, અનુકંપા જેવા સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મૂક્યો. ઉપદેશની સાથે કેટલીક લોકોપયોગી વાતો તેણે પણ ઉમેરી. 'ધમ્મ'ના પ્રચાર માટે શિલાલેખોમાં કોતરાવ્યું : (1) માતાપિતાની આજ્ઞા પાળવી. (2) વડીલોનો આદર કરવો. (3) પશુ-પંખીનો વધ ન કરવો (4) બને તેટલો ઓછો ખર્ચ કરવો. (5) ગુરુની સેવા કરવી. (6) સ્ત્રીઓ અને નોકરો પ્રત્યે માયાળુ વર્તન રાખવું. આ તમામ બાબતો એ જ ધર્મનું અનુસરણ છે, જેને 'ધમ્મ' કહેવામાં આવે છે.

**વિચારો**

સમ્રાટ અશોકે 'ધમ્મ'નો પ્રચાર શા માટે કર્યો ?



**9.4 મૌર્યકાલીન સ્તંભનો એક ભાગ**

સમ્રાટ અશોક કે જેણે રાજ્ય મેળવવા ખટપટો કરી, સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. મહાસામ્રાજ્યનું નિર્માણ કર્યું. વિજય મેળવવા અને મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા ચડાઈ કરી. જેણે યુદ્ધમાં લોહીની નદીઓ વહેવડાવી અને એ જ સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન થતાં તે એક ધર્મઉપદેશક બની ગયો. આ કારણોથી જ સમ્રાટ અશોક ઇતિહાસમાં એક મહાન રાજા તરીકે સ્થાન ધરાવે છે.

# મૌર્યસામ્રાજ્યની સાથે-સાથે



9.5 યવન સિક્કો

મૌર્યસામ્રાજ્યના પતન પછી તેના સ્થાને કેટલાક નવાં રાજ્યોનો ઉદય થયો. તેમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં યવન (ગ્રીક) રાજાઓનું, પશ્ચિમ ભારતમાં શક નામના મધ્ય એશિયાઈ લોકોનું શાસન સ્થપાયું. શકો પછી કુષાણોનું શાસન સ્થપાયું.



9.6 કુષાણ સિક્કો

ઉત્તર તથા મધ્ય ભારતના કેટલાક પ્રદેશોમાં પુષ્પમિત્ર શુંગ તથા તેના પછી કણ્વ તેમજ અન્ય વંશોનું શાસન પણ ચાલતુ રહ્યું.



9.7 શક સિક્કો

દક્ષિણ ભારતમાં 2200થી 1800 વર્ષ પહેલાં આંધ્રપ્રદેશમાં સાતવાહન તેમજ ચૌલ, ચેર અને પાંડ્ય રાજાઓએ શાસન કર્યું. તેમજ 1500 વર્ષ પહેલાં પલ્લવો અને ચાલુક્યોનાં બે મોટા રાજ્યોની સ્થાપના થઈ.



9.8 સાતવાહન સિક્કો

આ ઉપરાંત અન્ય રાજ્યો અને રાજાઓ પણ હતાં. તેના વિશે આપણને તે સમયના સિક્કા, પાન્ડુલિપિ તથા પુસ્તકો પરથી ખ્યાલ આવે છે. શહેરોનો, ખેતીનો, ઉદ્યોગોનો તથા વેપારનો વિકાસ પણ આ સમયમાં શરૂ થયો. કેટલાક ભૂમિમાર્ગો, સમુદ્રમાર્ગો પણ શોધાયા. મંદિરો, સ્તૂપો તથા અન્ય ઈમારતો બંધાઈ.

## સ્વાધ્યાય

### 1. ખાલી જગ્યા પૂરો :

1. સમ્રાટ અશોક ...........નો પુત્ર હતો.
2. મગધ સામ્રાજ્યની રાજધાની ........... હતી.
3. સમ્રાટ અશોકને ........... જીતવાની મહત્ત્વાકાંક્ષા હતી.
4. કલિંગ એટલે હાલનું ........... રાજ્ય.
5. સમ્રાટ અશોકે ...........ના ઉપદેશથી બૌદ્ધધર્મ સ્વીકાર્યો.

### 2. પ્રશ્નોના જવાબ આપો :

1. ભારતદેશની રાજમુદ્રા કઈ છે ?
2. સમ્રાટ અશોકનું સામ્રાજ્ય ક્યાં સુધી ફેલાયેલું હતું ?
3. કલિંગનું યુદ્ધ પૂરું થયા પછી યુદ્ધભૂમિ પર અશોકે શું જોયું ?
4. સમ્રાટ અશોકનો પસ્તાવો તેના જ શબ્દોમાં વર્ણવો.
5. સમ્રાટ અશોકે શિલાલેખોમાં શું કોતરાવ્યું ?

### 3. આવો જાતે કરીએ.

1. ભારતની રાજમુદ્રા કઈ-કઈ જગ્યાએ છાપેલી જોઈ શકાય છે ? તેની યાદી તૈયાર કરો.
2. ચંદ્રગુપ્તને મૌર્યસામ્રાજ્યની સ્થાપનામાં મદદ કરનાર ‘ચાણક્ય’ વિશે તમારી શાળાના પુસ્તકાલયમાંથી પુસ્તિકા મેળવીને વધુ જાણો.